


ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીના તમામ અધિકારી-કર્મચારીઓએ અચાનક આગ લાગે તેવી સ્થિતિમાં ફાયરબ્રિગેડ પહોંચે તે પહેલા શુ-શુ તકેદારી રાખવી જોઈએ અને શુ પગલા લેવા જોઈએ તેની તાલીમ આજે જિલ્લા કલેક્ટરની સુચનાથી ગાંધીનગર ફાયર ઓફીસર મહેશ મોડ દ્વારા કચેરીના સંકુલમાં આપવામાં આવી હતી. કચેરીમાં લગાવેલા ફાયર એસ્ટિંગ્યુઝરનો કેવી રીતે ઉપયોગ કરવો તેનું પણ લાઈવ ડેમોસ્ટ્રેશન આપવામાં આવ્યું હતું. ત્યાર બાદ કચેરીના તમામ અધિકારીઓ-કર્મચારીઓને આગ લાગે ત્યારે શું કરવુ તે અંગેની બનાવાયેલી ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ કોન્ફરન્સ હોલમાં બનાવવામાં આવી હતી.

# હજુયે ગરમી ગાંધીનગરાઓનો પીછો છોડતી નથી

## નવા બનેલા રોડ પર વાહનચાલકોને વધુ ગરમી લાગવાનો અહેસાસ : ગરમીનો પારો ૪૩.૫ ડિગ્રી સે.

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરમાં ઉનાળાની ગરમીમાં પારો થોડો ઘટવા છતાં ગરમીનો આકરો મિજાજ એ જ જળવાયેલો જણાતો હતો. આજે ગરમીનો પારો મહત્તમ ૪૩.૫ ડીગ્રીએ અટક્યો હતો. જ્યારે વાતાવરણમાં ભેજપનું પ્રમાણ લઘુત્તમ ૨૩ ટકા નોંધાયું હતું.

શહેરના નગરજનો જેઠ મહિનાની ગરમીમાં શેકાઈ રહ્યા છે અને આ ગરમી જાણે ગાંધીનગરના રહીશોનો પીછો છોડવા માંગતી નથી. આજે મહત્તમ ૪૩.૫ ડીગ્રી સેલ્શિયસની સામે લઘુત્તમ તાપમાન ૨૮.૨ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે સવારે ભેજપનું પ્રમાણ ૬૬ ટકા હતુ જે ઘટીને ૨૩ ટકાએ પહોંચ્યું હતું. જો કે ગઈકાલે રાત્રે ગરમીનો પારો ઘટવાથી ઉકળાટમાં રાહત મળી હતી અને પવનની લહેરખીઓના કારણે પણ નગરજનો રાત્રે શાંતિથી સૂઈ શક્યા હતા.

દિવસ દરમ્યાન પણ થોડો થોડો પવન ચાલુ રહ્યો હતો જેના કારણે ગરમીમાં રાહત જણાઈ આવતી હતી પરંતુ બપોરના સમયે હજુ પણ લ્હાય દઝાડતી ગરમીથી લોકો ત્રસ્ત જણાયા હતા. અધુરામાં પુરૂ હાલમાં નગરના સેક્ટરોમાં રોડનું નવિનીકરણનું કામ ચાલુ છે જેથી નવા બનેલા રોડ પર ડસ્ટ ઓછી હોવાથી ઝડપથી તપી જાય છે જેના કારણે વાહનચાલકોને ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકોને રીતસરની લૂ વાતી હોય તેવો અનુભવ થયા કરે છે.

## જુનના બીજા સપ્તાહમાં વરસાદની શકયતાઓ

ગાંધીનગર, તા.૩૧

ગુજરાતમાં ૭મી જુનની આસપાસ વરસાદ થવાની શકયતાઓ છે. જો કે નીર નીરંતર ચોમાસા બેસવાને હજુ વાર છે. ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલ જણાવે છે કે સામાન્ય તહ ભારતમાં ચોમાસા અંગે જોતા જો બંગાળના ઉપસાગરમાં હવાના સાનુકુળ ફરક્કા ઉત્પન્ન થાય તેમજ અરબી સમુદ્રમાં પણ આવા ફરક્કા ઉત્પન્ન થાય અને સાનુકુળ હવાનું હળવું દબાણ એક માસમાં બે વખત થાય અને સામાન્ય રીતે તેનો ફેલાવો એક હજાર કિલોમીટર વ્યાસને આવરી લેતો હોય અને કેન્દ્ર ૪૦૦ મીટર હોય અને હળવું દબાણ ઉભું થાય તો સાનુકુળ વરસાદના ફરક્કા આવે છે. હવાનું દબાણ મીલીબારમાં મપાય છે. નબળા ચોમાસા અંગે વાદળ સમુહના ફરક્કા બહુ ઓછા અને તે ઓછા અંતરે ચાલતા હોય, એક પછી એક હારમાં ન આવતા હોય તો ચોમાસુ નબળુ ગણાય છે. હમણાં આંદામાન-નિકોબાર ટાપુ ઉપર વરસાદની સાનુકુળતા જણાઈ હતી. પરંતુ ભારતમાં નીર નીરંતર ચોમાસાના લક્ષણો હજુ જણાતા નથી. નીર નીરંતર ચોમાસા અંગે જોતા પશ્ચિમના પવનના લક્ષણો સારા છે. પરંતુ ચોમાસાની ધુન અંગે ખાતરીથી કંઈ કહી શકાતું નથી. ચોમાસુ પોતાની દિશા બદલે અને આકાશમાં રચાતી વરસાદી છત તેના હળવા દબાણની પાકિસ્તાન, ઉત્તર પશ્ચિમ કોર અને બંગાળના ઉપસાગર તરફ થાય તો સાનુકૂળ હવામાનની સ્થિતિ પેદા થાય. પરંતુ વરસાદની છત જો હિમાલયની વેલી તરફ ફંટાઈ જાય તો આસામ અને અન્ય એરિયામાં વરસાદની અછત રહે. સામાન્ય રીતે સમયાંતરે વરસાદની વહેંચણી ભારતમાં થવી જોઈએ અને ક્રિયાશીલ અને નિષ્ક્રિય ચોમાસા વચ્ચે અંતર ન પડવું જોઈએ. આવી સ્થિતિ ચોમાસા માટે હોવી જોઈએ. વરસાદની સ્થિતિ અંગે જોતા સામાન્ય રીતે કેરળ કાંઠે પહેલી જુને સક્રિય ચોમાસુ આવવું જોઈએ તો અને આ ચોમાસુ એક અઠવાડીયું વાદળો સાથે રહેવું જોઈએ. પરંતુ કેરળ કાંઠે ચોમાસું ઘણું મોડું આવે અથવા તો વહલું આવે તો સારા ચોમાસાનું સ્વરૂપ બદલાઈ જાય છે અને ચોમાસાના ચાર માસમાં પુરતો વરસાદ ન થતા અછતના ઓળા ઉતરે છે. આ વખતે કેરળ કાંઠે સાનુકુળ સ્થિતિ ઉભી થઈ હતી છતાં કેટલાક બળોના કારણે ચોમાસુ સમયસર આવતા આવતા ખોરવાઈ ગયું હોય તેમ જણાય છે. આથી કેરણ કાંઠે ચોમાસું મોડું બેસશે તો ચોમાસા પર તેની વિપરીત અસર થઈ શકે છે. ગ્રહોની દષ્ટિએ જોતા ચોમાસા ઉપર સામાન્ય રીતે બુધ અને શુક્રની અસર વિશેષ થાય છે. બુધની સ્થિતિ સાનુકુળ છે એટલે પવન સાથે ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં રોહિણી નક્ષત્રનો વરસાદ થવાની વકી રહે છે.

## સેક્ટર-૫ પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓની માર્કશીટ અન્ય શાળામાં પહોંચી ગઇ

### વિદ્યાર્થીઓને પોતાની માર્કશીટ બે કલાક બાદ મળી : મામલો ડી.ઈ.ઓ. સુધી પહોંચ્યો

ગાંધીનગર, તા. ૩૧

ધોરણ-૧૨ સામાન્ય -વાહનું આજે પરિણામ જાહેર થયું હતું. પરિણામને અનુલક્ષી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં અનોખી ઉત્સુકતા જોવા મળી હતી. સવારથી જ પોતાનું પરિણામ જાણવા વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ ખોલીને બેસી ગયા હતા. બીજી તરફ શહેરની શાળાઓમાં પણ વિદ્યાર્થીઓને પરિણામની માર્કશીટ આપવાની કામગીરી શરુ થઈ ગઈ હતી.

શહેરી વિસ્તારની શાળાઓને સે.૭ સ્થિત ચૌધરી સ્કુલમાંથી શાળા મુજબ વિદ્યાર્થીઓની માર્કશીટનું બંચ સુ-ત કરવાની કામગીરી હાથ ધરાઈ હતી. આ દરમિયાન સે-૫ સ્થિત -ેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓની માર્કશીટનું બંચ ઉપલબ્ધ ન હોવાનું ધ્યાને આવતા શાળાના આચાર્યએ દોડધામ કરવાનો વારો આવ્યો હતો. આ મામલે બોર્ડ કક્ષાએ પણ તપાસ કરતા માર્કશીટનું બંચ હાથ લાગ્યું ન હતું. -ેરણા સ્કુલના વિદ્યાર્થીઓની માર્કશીટનું બંચ અન્ય શાળામાં પહોંચી ગયું હોવાનું માલુમ પડ્યું હતું. બીજી તરફ આ અંગે શાળાના આચાર્ય દ્વારા જીલ્લા શિક્ષણાધિકારીને પણ જાણ કરવામાં આવી હતી. માર્કશીટના બંચની તપાસ કરવામાં બે કલાકથી વધુ સમય વીતી ગયો હતો. આખરે -ેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓની માર્કશીટો ભૂલથી અન્ય શાળામાં પહોંચી ગઈ હોવાનું ધ્યાને આવ્યું હતું. બે કલાકની જહેમત બાદ આખરે શાળાના આચાર્યને વિદ્યાર્થીઓની માર્કશીટનું બંડલ હાથ લાગ્યું હતું. આ દરમિયાન પરિણામની માર્કશીટ લેવા શાળા સુધી પહોંચેલા વિદ્યાર્થી અને વાલીઓએ પણ હાલાકી ભોગવવી પડી હતી. માર્કશીટ હાથ ન લાગતા શરૂઆતના તબક્કે વિદ્યાર્થીઓમાં પણ ચિંતા -વર્તી હતી.



ગાંધીનગર મહાનગરપાલિકા કમિશનરશ્રીના વિદાય પ્રસંગે સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન આશીષ દવે, વિરોધ પક્ષના નેતા મનુભાઈ પટેલ તેમજ ડી.એમ.સી. ઉપસ્થિત રહ્યા હતા.

## પાણીના મામલે પ્રાંતિયા ગામમાં થયેલા રાયોટીંગમાં ત્રણની ધરપકડ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર નજીકના -ાંતીયા ગામમાં પાણી ન આવવાના મામલે હુલ્લડ થયું હતું. ગ્રામજનોએ સરપંચના ઘરે જઈ લાકડીઓ અને પાઈપો વીઝી હંગામો મચાવ્યો હતો. સરપંચ તથા તેની માતા ઉપરાંત વચ્ચે પડેલા સરપંચના પડોશીઓ સહીત ૭ વ્યક્તિઓ રાયોટીંગમાં ઘાયલ થયા હતા. આ રાયોટીંગમાં સરપંચને હાથે ફ્રેક્ચર થઈ ગયું હતું. સરપંચની ફરિયાદને આધારે ડભોડા પોલીસે ૧૧ શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે દરમિયાન આજે ત્રણ શખ્સોની પોલીસે ધરપકડ કરી લીધી છે. જયારે અન્ય ૮ આરોપીઓ ગામ છોડીને ભાગી ગયા છે.

બે દિવસ અગાઉ રાતે ૯ વાગ્યાના અરસામાં પાંતિયા ગામના સરપંચ કિશોરભાઈ આત્મારામ પરમાર પોતાના ઘરે હતા ત્યારે ગામમાં રહેતા શૈલેષ શંકર પટેલ અને તેનો દીકરો કાળું સરપંચના ઘરે પહોંચી ગયા હતા. બે દિવસથી અમારા ઘરે પાણી નથી આવતું. તમે સરપંચ થઈને શું ધ્યાન રાખો છો તેવી ફરિયાદ શૈલેષભાઈએ કર્યા બાદ સામાન્ય બોલાચાલી થઈ ગઈ હતી. શૈલેષભાઈ ઉશ્કેરાઈ ગયા અને ઘરેથી નીકળી ગયા હતા. અડધા કલાક પછી શૈલેષ, તેમનો દીકરો કાળું, તેમની દીકરી તથા પત્ની ઉપરાંત કલ્પેશ રોહિત પટેલ, યશ મહેતા, વિનોદ દશરથ પટેલ, અશ્વિન ભરત પટેલ, હસમુખ પટેલ, હર્ષદ અમીન પટેલનો ભાણો પાર્થ ઉર્ફે અપ્પુ દિનેશભાઈ પટેલ મળીને ૧૧ થી ૧૨ જણાનું ગ્રામજનોનું ટોળું લાકડીઓ અને પાઈપો સહિતના હથિયારો સાથે સરપંચના ઘરે પહોંચી ગયું હતું અને સરપંચ તથા તેમની માતા ઉપરાંત તમની બબાલમાં વચ્ચે પડેલા પડોશીઓ મળીને ૭ જણાને લાકડી અને પાઈપથી ફટકતા હુમલામાં સાત જણા ઘાયલ થયા હતા. સરપંચની ફરિયાદને આધારે ડભોડા પોલીસ મથકના પી.એસ.આઈ એસ.બી.વાઘેલાએ ૧૧ જણા સામે રાયોટીંગ, મારી નાંખવાની ધમકી અને એટ્રોસિટીનો ગુનો દાખલ કરી તેમની શોધખોળ શરુ કરી હતી. દરમિયાન આજે શૈલેષ તથા તેનો પુત્ર કાળું અને હર્ષદ પટેલનો ભાણો પાર્થ ઉર્ફે અપ્પુ દિનેશભાઈ પટેલ મળીને ત્રણ આરોપીઓની પોલીસે આજે ધરપકડ કરી લીધી છે.

## જિલ્લામાંથી એકપણ વિદ્યાર્થી રીઝર્વ પરિણામની યાદીમાં નહિ

### રાજ્યમાં ગેરરીતી કરતા પકડાયેલા ૨૦૩ વિદ્યાર્થીઓનું પરિણામ રીઝર્વ

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૪ માં લેવાયેલી ધો-૧૨ સામાન્ય -વાહની પરીક્ષા દરમિયાન પરીક્ષા ખંડમાં થતી ગેરરીતિને ડામવા સી.સી.ટી.વી કેમેરાની વોચ ગોઠવવામાં આવી હતી. જયારે બોર્ડ પરીક્ષાના અંતે સીસીટીવી કેમેરા અને ટેબ્લેટના આધારે તૈયાર કરાયેલી સીડીઓનું બોર્ડ કક્ષાએ નિરીક્ષણ હાથ ધરાયું હતું.

માધ્યમિક શિક્ષણ બોર્ડમાં આ સીસીટીવી ફૂટેજની વિશેષરૂપે ચકાસણી કરવામાં આવી હતી. વર્ગ-૧ કક્ષાના અધિકારીઓ દ્વારા પરીક્ષા ખંડના ફૂટેજની ચકાસણી કરવામાં આવી હતી. આ દરમિયાન સમગ્ર રાજયમાંથી ગેરરીતિના ૨૦૩ કેસો ધ્યાને આવ્યા હતા. જેના પરિણામે બોર્ડ દ્વારા આ તમામ વિદ્યાર્થીઓનું પરિણામ રીઝર્વ રાખવાનો નિર્ણય લેવાયો હતો. જેમાં નવસારી જીલ્લાના ૧૧, નર્મદાના ૧૨, અમદાવાદ ગ્રામ્ય ૨, બનાસકાંઠા ૪૪, અમરેલી ૩૭, જામનગર ૫, રાજકોટ ૮, કચ્છ ૭, સાબરકાંઠા ૧૧, અને ખેડામાંથી સૌથી વધુ ૬૬ વિદ્યાર્થીઓ ગેરરીતિમાં સંડોવાયા હોવાનું ધ્યાને આવ્યું હતું. બોર્ડ દ્વારા આ ૨૦૩ વિદ્યાર્થીઓનું પરિણામ રીઝર્વ રાખવામાં આવ્યું છે. જો કે ધોરણ-૧૨ વિજ્ઞાન -વાહની જેમ સામાન્ય -વાહમાં પણ ગાંધીનગર જીલ્લાના એક પણ વિદ્યાર્થીનું ના રીઝર્વ પરિણામની યાદીમાં ન હોવાનું સ્પષ્ટ થયું છે.




શીખ ધર્મના પાંચમાં ગુરૂ અરજન દેવજીના શહિદી દિવસ નિમિત્તે ઘ-૫ વિસ્તારમાં મીઠા પાણીની પરબ બાંધવામાં આવી હતી. આવતા જતા રાહદારીઓને પ્રસાદ આપી તેમની શહાદતને અંજલી આપવામાં આવી હતી. ઈ.સ. ૧૬૦૬ ની ૩૦ મે શહિદ થનાર ગુરૂ અરજન દેવજી શીખ ધર્મના પ્રથમ ગુરૂ હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૬

સૂર્યાસ્ત : ૭.૧૮

## તાપમાન

મહત્તમ : ૪૩.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૨૩ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

સીટીલાઈટ્સ : ૩.૦૦

હીરોપંતી : ૧૦.૦૦ (રાત્રે)

: સ્ક્રીન-૨ :

એક્સ મેન : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

હીરોપંતી : ૧૦.૦૦

સીટીલાઈટ્સ: ૧૨.૪૫, ૩.૧૫, ૧૦.૧૫

કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ : ૫.૪૫

કૌચડયાન ૨-ડી (તમિલ):૮.૦૦

: સ્ક્રીન-૪ :

સીટીલાઈટ્સ : ૧૦.૦૦

હીરોપંતી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ : ૫.૪૫

સીટીલાઈટ્સ : ૬.૩૦

હીરોપંતી : ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

એક્સ-મેન(૩-ડી, હિન્દી) : ૧૦.૧૫,૧.૧૫,૪.૧૫,૭.૧૫,૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

હીરોપંતી : ૯.૦૦, ૧૨.૦૦

કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ : ૩.૦૦, ૫.૩૦, ૧૦.૫૫

ગોડજીલા ૩-ડી (હિન્દી) : ૮.૦૦

: સ્ક્રીન-૩ :

કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ : ૧૦.૩૦

હીરોપંતી : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :

સીટીલાઈટ્સ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

હીરોપંતી : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

## આપની આજ

**મેષ** : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : આર્થિક લાભનાં સ્રોતોથી સંબંધી સમસ્યઓ છતાં કાર્યમાં પ્રગતિ જણાશે. વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. સતુજી કનુજી રાણા (ઉ.વ. ૮૫) મુ.પો. ધણપ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. વિમળાબેન ભગુભાઈ શાહ (ઉ.વ. ૮૯) પ્લોટ નં. ૮૦૭/૧, સેકટર-૫/સી, ગાંધીનગર.
- સ્વ. શાંતિબેન ડાહ્યાભાઈ વાળંદ (ઉ.વ. ૭૦) મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મંજૂલાબેન લીલાધર વ્યાસ (ઉ.વ. ૬૫) બ્લોક નં. ૭/૮૪, સરદાર પટેલ હાઉસીંગ સોસાયટી, સેકટર-૧૪, ગાંધીનગર.